PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/કવા–૦૨/૧૮–૧૯/ 10729-11 તા. 14-12-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

જનક પી સોમૈયા,

મોન્ટે કાર્લો શોરૂમ ટાવર ચોક

વેરાવળ – ૩૬૨૨૬૫

મોઃ ૯૮૨૫૨ ૨૦૫૧૭

વિષય :–વીજભાર વધારા સાથે નામ બદલી કરાવવા બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૪/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામાઃ ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | |
|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૧૪/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીગઃ તા.૦૬–૦૯–૧૮, તા.૧૬–૦૮–૧૮, તા.૦૪–૧૦–૧૮, તા. ૧૬–૧૧–૧૮ સ્થળ : વેરાવળ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: ચામ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન, ગામ: વેરાવળ

રજુઆત કરનાર: અરજદાર ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન વતી તેમના પ્રતિનીધી તરીક તા.૧૬–૦૮–૧૮, તા.૦૪–૧૦–૧૮, તા.૧૬–૧૧–૧૮ એમ.બી. થાનકી હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ

---

## : હુકમ :

**ફરીયાદ : વીજભાર વધારા સાથે નામ બદલી કરાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ વેરાવળ જીઆઈડીસી વિસ્તાર મા આવેલ પ્લોટ નં. –૧૦૫/૨ માં ૪૭૫ કેવીએ નુ એ.ટી. વીજજોડાણ નં.–૨૧૪૧૯ થી મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન થી ધરાવે છે. સદર વીજજોડાણ મા વીજભાર વધારા અને નામ બદલી માટે ની અરજી અન્વયે – વિભાગીય કચેરી વેરાવળ મા તા.૨૨–૦૫–૧૮ ના પત્ર થી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૬૯ થી ૪.૭૧ (૧) મા કરાયેલ જોગવાઈ મુજબ અરજદાર ની અરજી ગ્રાહય રાખેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીગઃ તા.૧૬–૦૮–૧૮ ના રોજ – અરજદાર દ્વારા સુપ્રીમ કોર્ટ નુ જજમેન્ટ પશ્ચિમાંચલ વિદ્યુત વિતરણ વિરૂધ્ધ – મે. ડી.વી. સ્ટીલ અને એલોય પ્રા.લી. તા.૦૭–૦૯–૦૮ નુ રજુ કરેલ છે, તેમજ મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ની ડિપોઝીટ તેમજ મે.રૂદાક્ષે ભરેલી નવી ડિપોઝીટ મળીને – વિવાદીત રકમ જેટલીજ પીજીવીસીએલ પાસે જમા રહે છે, જેથી– મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ની સંમતી વગર સદર વીજજોડાણ વીજભાર વધારા સાથે નામ બદલી માટે મંજુર કરાવવા વિનંતી કરેલ. ત્યારબાદ ફોરમ કમિટી મીટીગઃ તા.૦૬–૦૯–૧૮ ના રોજ અરજદાર હાજર રહેલ નથી, બાદમાં તા.૦૪–૧૦–૧૮ ની ફોરમ કમિટી મીટીગ મા અરજદાર ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન વતી તેમના પ્રતિનીધી દ્વારા લેખીત રજુઆતપત્ર આપેલ છે. તે મુજબ દીલ્લી હાઈકોર્ટ દ્વારા મીસીસ મધુગર એન્ડ એ.એન.આર. વિરૂધ્ધ નોર્થ દિલ્લી પાવર લીમીટેડ નુ જજમેન્ટ તા.૦૯–૧૧–૦૫ નુ રજુ **કરાયેલ** છે. ત્યારબાદ, વધુ એક તક આપીને ફોરમ કમિટી ની મીટીગ **તા. ૧૬–૧૧–૧૮ મા કરાયેલ** રજુઆત મુજબ – સદર વીજજોડાણ મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ના નામે ધરાવે છે, અને C/O, રીયલ ફ્રોઝન ફુડસ ના નામે અરજી કરેલ છે. |
| ૧.૩ | ફોરમ કમિટી ની મીટીગ **તા. ૧૬–૦૮–૧૮ ના રોજ** મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ના ભાગીદાર શ્રી રામજી કાનજી ચમ દ્વારા લેખીત પત્ર રજુ **કરાયેલ**, જે અન્વયે તેઓ દ્વારા નામ બદલી કે વીજભાર વધારા ની અરજી **કરાયેલ** નથી. વધુમાં જયા સુધી તેઓની લીગલ મેટર કોર્ટ માં પેન્ડીગ હોય – ત્યા સુધી સદર વીજજોડાણ માં નામ બદલી કે વીજભાર વધારો કરવો નહી, અથવા બોર્ડ ની તમામ બાકી રકમ તેઓ દ્વારા ભરપાઈ કરી આપવામા આવે તો જ – સદર કાર્યવાહી કરવી. |
| ૧.૪ | ફોરમ કમિટી ની મીટીગ તા. ૧૬–૦૮–૧૮ ના રોજ ફરીયાદી અરજદાર ના પ્રતિનીધી દ્વારા જણાવેલ કે – સદર બાબત ખૂબજ જુની જી.ઈ.બી. વખતની હોય – એટલે પ્રવર્તમાન સપ્લાય કોડ ની શરત લાગુ પડે નહી.જે તે વખતે – જી.ઈ.બી. વખતના કન્ડીશન ઓફ મીસેલનીયસ ચાર્જ અને સપ્લાય ઓફ ઈલેકટ્રીસીટી ની લાગુ પડતી ર( જે )મુજબ ની શરત લાગુ પડે, તે મુજબ કાર્યવાહી કરવા વિનંતી કરેલ. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨** પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૨.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી એચ.ટી. વીજજોડાણ ના કુલ ૦૨ જોડાણો ધરાવે છે. જેમા –(૧) M/s Cham Trading Org. bearing consumer No.21417 situated at Plot No.105/1 GIDC Veraval (૨) M/s Cham Trading Org having HT Connection with consumer No.21419 having date of connection is 24.10.1981, situated at Plot No.105/2 GIDC Veraval, Both premises are adjacent to each other.

As per GIDC record submitted by complainer, Plot No. 105/2 was initially transferred to M/s. Winsor World export and thereafter again said plot transferred in favour of M/s. Rudraksh Impex on 23.10.2013. Presently, following legal cases are pending of M/s. Cham Trading Organization, HT Consumer No. 21417 & 21419.

**(A) <u>HT Consumer No. 21419 in which name transfer is asked :</u>**

- M/s Cham Trading Org having HT Connection with consumer No.21419 having date of connection is 24.10.1981. The Contract demand up to 01.01.1993 was 300 KVA and it was extended to 475 KVA w.e.f. 01.01.1993. Sp Bill for Rs.5,58,054=43ps was served on 01.01.1994. Earst while GEB (now PGVCL) filed Civil Suit No. 85/96 in veraval court for recovery of Sp. Bill of Rs.558054.43ps + D.P.C.Rs.415794.85ps = Rs.9,73,849=28ps..
- On 27.12.2016, Sr.Civil Judge Veraval consolidated pronounced the judgment in Sp.C.S.No.04/94 (filed by the consumer) & Sp.C.S.No.85/96 (filed by erstwhile GEB) against the PGVCL.
- PGVCL has filed appeal no. RCA 11/17 & RCA 12/17 for getting Stay at District Court GIR-Somnath on 27.04.17 against the said above mentioned. Same is pending before Hon'ble Court Veraval.

**(B) <u>HT consumer No. 21417, C.D. 475 KVA for shortfall of AMG Bill :</u>**

- Sp. CS no. 13/99 was filed by the consumer aggrieved by shortfall of AMG bill Rs. 1170728.58ps. said matter is decided on 17.07.2003 in favour of consumer.
- PGVCL (GEB) has filed appeal before Hon'ble High court. First Appeal No. 880/04 is pending.
- For safe guard of dues, Sp. Civil Suit 88/01 filed by PGVCL (erstwhile GEB) before Veraval Court for Shortfall of AMG bill of Rs. 1170726.58 + DPC from 01.02.1999 to 30.04.2001 Rs. 734032.39 = Rs. 1904758.97ps. Same is also pending before Veraval court.

**(C) <u>HT consumer No. 21417 & 21419.</u>**

- After payment of Sp. Bill Rs.30,40,466-00 for the bill issued as per Govt. Audit recovery, M/s.Cham Trading Organization filed Sp. C.S. No. 87/11 before Veraval court for recovery of payment made by him to the PGVCL. Said case is decided in favour of PGVCL on 30.06.2018, copy of judgment and decree is awaited from Hon'ble court as on this date.

Said type of case was heard by the omudsman, part of the judgment is reproduced here under. અરજદારની સદર નામફેર અરજીના સંદર્ભમાં સપ્લાય કોડ ૨૦૧૫, સેક્શન ૪ ની કલમ ૪.30 ને વંચાણે લઈ શકાય, જે નીચે મુજબ છે.

**<u>Clause 4.30:</u>** "An application for new connection, reconnection, addition or reduction of load, change of name or shifting of service line for any premises need not be entertained unless any dues relating to that premises or any dues of the applicant to the Distribution Licensee in respect of any other service connection held in his name anywhere in the jurisdiction of the Distribution Licensee have been cleared.

Provided that in case the connection is released after recovery of earlier dues from the new applicant and in case the licensee, after availing appropriate legal remedies, get the full or part of the dues from the previous consumer/owner or occupier of that premises, the amount shall be refunded to the new consumer/owner or occupier from whom the dues have been recovered after adjusting the expenses to recover such dues".

વીજ જોડાણ નામફેર અંગે સેક્શન ૪ની કલમ ૪.૬૯ થી ૪.૭૧ ને વંચાણે લઈ શકાય. અરજદારના હાલના કેસમાં કલમ ૪.૭૧ (૧), જે નીચે મુજબ છે, જેને ધ્યાને લેતા સદર વીજ જોડાણ સંબધીત વસૂલવા પાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહી ત્યાં સુધી વીજ જોડાણના નામફેર કરવા અંગેની દરખાસ્ત સ્વીકારી શકાય નહી.

**<u>Clause 4.71 (1):</u>**

The licensee shall deal with applications relating to change of consumer's name due to change in ownership/occupancy of property in accordance with the procedure detailed below:

The applicant shall apply for change of consumer's name in the format prescribed in Annexure I or II (as applicable) to this Code, along with a copy of the latest bill duly paid. The request for transfer of connection shall not be accepted unless all dues recoverable against the concerned connection are settled. The application form shall be on showing proof of ownership/occupancy of property. A No-objection certificate from the registered consumer or authorized person of the premises shall be required for cases involving transfer of security deposit in the name of applicant. In the case where security deposit is to be transferred in the name of applicant, the shortfall in security deposit calculated in accordance with GERC (Security Deposit) Regulations, 2005, as amended from time to time, shall be payable by the applicant. The licensee shall process the application form in accordance with clauses 4.64 to 4.66 of this code.

Looking to the above, without clearing of pending dues and pending legal cases, PGVCL can not entertain any representation for name transfer with extension of load for HT consumer No.21419.

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

**૩.૧** અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર રૂદ્રાક્ષ ઈમ્પેક્ષ ના ભાગીદાર શ્રી જનક પી. સોમૈયા દ્વારા – મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ની ફેકટરી ખરીદ કરેલ હોય, જેમાં એચ.ટી. વીજજોડાણ નં.–૨૧૪૧૯ , ૪૭૫ કેવીએ મુજબ નુ હૈયાત છે. અરજદાર ની લેખીત રજુઆત તા.૧૧–૦૪–૧૮ મુજબ મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ની ફેકટરી વિન્સર વર્લ્ડ એકસપોર્ટ રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.–૨૭૭૧ તા.૨૫–૦૬–૧૨ થી નોંધણી થયા બાદ – સદર ફેકટરી વિન્સર વર્લ્ડ એકસપોર્ટ નામની ભાગીદારી પેઢીએ મે. રૂદ્રાક્ષ ઈમ્પેકટ નામની ભાગીદારી પેઢીને રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.–૫૮૫૧ તા.૨૨–૧૦–૧૩ થી વેચાણ કરેલ, જે તેઓના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ને મળેલ પત્ર તા.૧૧–૦૭–૧૮ મુજબ – સદર ફેકટરી રીયલ ફ્રોઝન ફુડસ ને વેચાણ કરેલ છે. જેમા નામ બદલી માટે ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા સપ્લાય કોડ પેરા નં.–૪.૬૯ થી ૪.૭૧ અન્વયે થઈ શકે નહી, જેથી ફોરમ સમક્ષ રજુઆત કરેલ.

મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ને સદર વીજજોડાણ અન્વયે સપ્લીમેન્ટ્રી બીલ રૂ.૫,૫૮,૦૫૪.૪૩ સીટીપીટી બળી જવાના કારણોસર **અપાયેલ**, જેના ૩૦ % રકમ રૂ.૧,૬૭,૫૦૦/– મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશને ભરપાઈ કરીને નામદાર કોર્ટ મા સીવીલ સ્યુટ કેઈસ નં.–૦૪/૯૪ થી દાખલ કરેલ, જે અન્વયે જજમેન્ટ મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ની ફેવર મા આવતા – પીજીવીસીએલ ને સદર રકમ ૮% ના વ્યાજ સાથે પરત કરવા હુકમ કરેલ. જે અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા ઉપર ની નામદાર કોર્ટ મા અપીલ કરેલ, જે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે.

**૩.૨** ઉપરોક્ત મુદ્દા નં. ૧.૧ અને ૧.૨ ની વિગતેની રજુઆત મુજબ– તેમજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રજુઆત ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે – એચ.ટી. વીજજોડાણ નં.–૨૧૪૧૯ , જે મે. ચમ ટ્રેડીગ ઓર્ગેનાઈઝેશન ના નામથી તા.૨૪–૧૦–૮૧ થી ધરાવે છે, જેમા તા.૦૧–૦૧–૯૩ ના રોજ વીજભાર વધારો થતા – કુલ વીજભાર ૪૭૫ કેવીએ નો ધરાવે છે. સદર વીજજોડાણ પેટે અપાયેલ સપ્લીમેન્ટ્રી બીલ રૂ.૫,૫૮,૦૫૪.૪૩ સામેવાળા દ્વારા અપાયેલ છે, તેમજ તેઓનુ બીજુ એચ.ટી. વીજજોડાણ નં.–૨૧૪૧૭, અંગે નો વિવાદ નામદાર કોર્ટ વેરાવળ ખાતે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે.

**૩.૩** ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ કન્ડીશન ઓફ સપ્લાય ઓફ ઈલેકટ્રીકલ એનર્જી ના પેરા નં. – ૨(જે) નીચે મુજબ છે.

**Recovery of old dues**

**Reconnection or new connection for any premises, where there are arrears of the Board pending from the consumer/occupier, shall not be entertained. The new successor /occupier has to clear these dues of the previous consumer before the application of successor/occupier is processed for supply of electricity. If the Board, at a later date, gets the full or part of these dues from the previous consumer, the amount shall be refunded to the successor/ occupier after adjusting the costs including legal expenses to recover such arrears and the refund shall bear no interest.**

ઉપરોકત **સદર – ૨(જે) મુજબ ની શરત – પુનઃ જોડાણ અને નવા વીજજોડાણ માટે લાગુ પડતી હોવાથી – સદર કેઈસ મા, લાગુ પાડી શકાય નહી.** આમ, ઉપરોક્ત બાબતે મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ ને અનુસંધાને – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૩૦ અને ૪.૭૧ (૧) મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ના સદર વીજજોડાણ ને સબંધક સામેવાળા ની લેણી રકમ વસુલાત કરવાની બાકી હોય, તેમજ ઉપર દર્શાવ્યા મુજબ પ્રતિવાદી દ્વારા – લેણી રકમ વસુલાત કરવા અંગે નો વિવાદ નામદાર કોર્ટ વેરાવળ ખાતે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે, આમ, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નંઃ ૦૨/૨૦૧૧ નાં મુદા નંઃ ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ – કાનુનન પ્રક્રીયા હેઠળ પડતર રહેલા કેઈસો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં ની જાણકારી પક્ષકારો ને આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.